# શૂરવીર ગિદિયોન

## (ફાધ વર્ગીસ પોલ)

ઈસ્રાયલીઓ કનાન ભૂમિમાં ઠરીઠામ થયા પછી શાઉલની રાજસત્તા સ્થપાઈ ત્યાં સુધીના આશરો દોઢસો વર્ષના ગાળા દરમિયાન દેશમાં અરાજકતા પ્રવર્તતી હતી. બાઈબલમાં કાજીઓનો ગ્રંથ નોંધે છે તેમ, “તે વખતે ઈસ્રાયલમાં કોઈ રાજા નહોતો અને દરેક માણસ મરજી ફાવે તેમ વર્તતો.”

એ સમય દરમિયાન ઈસ્રાયલના જુદા જુદા વંશોને પોતાના ફાળે મળેલી કનાન ભૂમિ સાચવવામાં તકલીફ પડતી હતી. પડોશી પ્રાંતોમાંથી મિધ્યાનીઓ અને અમાલેકીઓ જેવા વધુ શક્તિશાળી લોકોના આક્રમણને કારણે ઈસ્રાયલી પ્રજા ભીડમાં આવતી હતી. આવા વખતે અમુક પ્રભાવશાળી વ્યક્તિઓ પ્રજામાંથી આગળ આવીને શત્રુઓને મારી હટાવતી અને પ્રજાનો તત્કાળ ઉગારો કરતી. આવી વ્યક્તિઓ વીર યોદ્ધાઓ લોકનાયકો તરીકે પોતાની પ્રજાને આગેવાની પૂરી પાડતી. આવી વ્યક્તિઓ “કાજીઓ” તરીકે ઓળખાય છે. બાઈબલના “કાજીઓ”ના ગ્રંથમાં આવી કેટલીક કાજીઓની કથાઓ આવે છે. એમાં ગિદિયોન પાંચમા કાજી છે.

દરેક કાજીની કથા એકસરખી રીતે બાઈબલમાં રજૂ થાય છે. પ્રજા ધર્મભ્રષ્ટ થાય છે. સાચા પ્રભુનિ ભક્તિ અને નીતિન્યાયનો રસ્તો છોડીને ઈસ્રાયલીઓ ઈતર દેવની પૂજા કરવા માંડે છે. એટલે ઈસ્રાયલીઓના પરમેશ્વર પ્રભુ પોતાની પસંદ કરેલી પ્રજાને દુશ્મનના હાથમાં પડવા દે છે. આ લોકો ભીડમાં આવીને પ્રભુને મદદ માટે પોકરે છે અને પ્રભુને નામે કાજી પ્રજાને દુશ્મનોમાંથી ઉગારી લે છે. થોડાય સમય માટે પ્રજામાં શાંતિ પ્રવર્તે છે. પણ ફરી પ્રજા ધર્મભષ્ટ થઈને દુષ્યકૃત્યો અને દુરાચારો આચરે છે અને અનું એ જ ચક્ર પુનઃશરૂ થાય છે.

ગિદિયોનના સમયનું વર્ણન કરતાં ઈસ્રાયલી પ્રજા વિશે બાઈબલ કહે છે “ફરી પ્રભુની દષ્ટિએ પાપ ગણાય એવું આચરણ કર્યું અને તેણે તેઓને સતા વરસ સુધી મિધ્યાનીઓના હાથામાં સોંપી દીધા. મિધ્યાનીઓ ઈસ્રાયલીઓ કરતાં ક્યાંય બળવાન હતા. એટલે મિધ્યાનીઓથી બચવા માટે પર્વતનાં કોતરો, ગુફાઓ અને બીજી સલામત જગ્યાએ ભરાઈ જવું પડયું.” આવા વખતે ઈસ્રાયલીઓએ પ્રભુના ધા નાખી અને પ્રભુએ એમને એક નબી મોકલી આપ્યોઃ ગિદિયોન.

એક દિવસ યોઆશનો દીકરો ગિદિયોન મિધ્યાનીઓથી સંતાવ માટે દ્રાક્ષના કોલુમાં ઘઉં ઝૂડતો હતો, ત્યારે પ્રભુના દૂતે તેને દર્શન દઈને કહ્યું. "ઓ શૂરવીર! પ્રભુ તારી પડખે છે! ગિદિયોનને દૂતની વાત માનવામાં તકલીફ પડતી હતી. કારણ, મિધ્યાનીઓ, અમાલેકીઓ અને બીજુ પૂર્વની જાતિઓ આવીને ઈસાયલી પ્રજા ઉપર હુમલો કરતી હતી, તેથી ઈસાયલી પ્રજા શાંતિથી જીવી શક્તી નહોતી."

ગિદિયોને દૂતને આવી પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો ત્યારે દૂત ગિદિયોનને કહ્યું, "જા અને તારા બળથી ઈસાયલીઓને મિધ્યાનીઓના હાથમાંથી છોડાવ. હું પોતે તને મોકલું છું."

ગિદિયોને પોતી અયોગ્યતા અને નબળાઈનો ખ્યાલ આપતાં દૂતને કહ્યુ, "પણ, પ્રભુ હું ઈસાયલીઓને કેવી રીતે છોડાવી શકું ? આપ જાણો છો કે મારું કુળ મનાશાના વંશમાં નબળામાં નબળું છે અને મારા બાપના કુટંબમાં હું સૌથી નાચીજ છું."

પછી ગિદિયોન ઘરમાં જઈને "દૂત" માટે નૈવેધ્ય લઈ આવ્યો. દૂતની સૂચના મુજબ ગિદિયોને નૈવેધ્યને લઈને એક ખડક ઉપર મૂક્યું. પછી દતે પોતાના હાથમાંથી લાકડી લંબાવીને તેની અણી માંસને અને રોટીને અડાડી. તરત જ ખડકમાંથી અગ્નિ પ્રગટયો અને તે માંસને અને રોડીને સ્વાહા કરી ગયો અને પ્રભુનો દૂત અંતર્ધાન થઈ ગયો.

હવે ગિદિયોનને ખાતરી થઈ કે એ પ્રભુનો દૂત જ હતો અને તેણે ત્યાં પ્રભુને માટે એક યજ્ઞવેદી બાંધી અને તેનું નામ "પ્રભુની શાંતિ" પાડયું. તે રાતે પ્રભુના પ્રેર્યા ગિદિયોને પોતાના બાપની બાલદેવની વેદી તોડી પાડી અને તેની પાસેની અશેરાદેવીની પ્રતિમા કાપી નાખી.

બીજા દિવસે તપાસ કરતાં લોકોને જાણવા મળ્યું કે ગિદિયોને એમની બાલદેવનીવેદી અને અશેરાદેવીની મૂર્તિ તોડી પાડી છે. લોકો પથ્થર મારીને ગિદદિયોનને મારી નાખવા ઈચ્છતા હતા. પરંતુ ગિદિયોનના પિતા યોઆશે લોકોને કહ્યું, "તમે બોલનો પક્ષ લો છો? તમે તેનો બચાવ કરો છો? જે કોઈ બાલનો પક્ષ કરશે તેને સવાર પહેલાં પૂરો કરવામાં આવશે. જો બાલ દેવ હોય અને કોઈએ તેની વેદી તોડી પાડી હોય, તો તે ભલે પોતાનો બચાવ કરતો." તે દિવસથી ગિદિયોનનું નામ યરુબાલ પડયું. કારણ, યોઆશે કહ્યું, "બાલની વેદી તોડી પાડી છે. તો બાલ પોતાનો બચાવ કરે."

તે અરસામાં બધા મિધ્યાનીઓએ, અમાલેકીઓએ અને પૂર્વની જાતિઓએ ભેગાં થઈને યર્દન નદી ઓળંગી ઈઝરેલના મેદાનમાં છાવણી નાખી. પછી પ્રભુનો પ્રાણ ગિદિયોનને વ્યાપી વળ્યો. ગિદિયોને કાસદો મોકલીને અબિયેઝર, મનાસા, અશેર, ઝબુલોન અને નફતાલી લોકોને પોતાની સાથે આવવા બોલાવ્યા. યરુબાલ (એટલે કે ગિદિયોન) અને તેની સાથેના બધા લોકો વહેલા ઊઠયા અને તેમણે હેરોદના ઝરણા નજીક છાવણી નાખી. મિધ્યાનીઓની છાવણી એની ઉત્તરે મોરેના ડુંગર પાસેના મેદાનમાં હતી.

પ્રભુએ ગિદિયોનને કહ્યુ, “તારી સાથે એટલા બધા લોકો છે કે હું મિધ્યાનીઓને એમના હાથમાં ન સોંપી શકું. ઈસાયલીઓ એવી જ બડાશ મારશે કે, અમે અમારા પોતાના બાવડાના જોર જીત્યા છીએ, પ્રભુના જોરે નહિ. માટે તું એ લોકોમાં જાહેરાત કર કે જે કોઈ બીકનો માર્યો થરથરતો હોય તે તરત જ ગિલ્યાદ પર્વત છોડી પાછો ઘેર ચાલ્યો જાય.” બાવીસ હજાર લોકો પાછા ઘેર ગયા અને દસ હજાર બાકી રહ્યા. પછી પ્રભુના કહ્યા મુજબ ગિદિયોને પસંદ કરીને ફક્ત ત્રણસો માણસોને પોતાની પાસે રાખીને બાકીના બધા ઈસાયલીઓને પોતપોતાને ઘરે મોકલી દીધા.

તે દિવસે રાત્રે પ્રભુના પ્રેર્યા મુજબ  ગિદિયોને ત્રણસો માણસોને લઈને મિધ્યાનીઓની છાવણી ઉપર હુમલો કર્યો. તેણે ત્રણસો માણસોને ત્રણ ટુકડીમાં વહેંચી નાખ્યા અને દરેક માણસને એક રણશિંગુ અને એક ખાલી બરણી તેમાં મશાલ મૂકીને આપી. પછી તેમને કહ્યું, “મારા ઉપર નજર રાખજો. છાવણી નજીક પહોંચતાં જ હું જેમ કરું તેમ કરજો. જ્યારે હું અને મારા માણસો અમારાં રણશિંગાં વગાડીએ ત્યારે તમે પણ છાવણીને ફરતે તમારાં રણશિંગાં વગાડજો અને પોકાર કરજો કે, પ્રભુનો જય! ગિદિયોનનો જય!”

ગિદિયોન અને તેની સાથેના સો માણસોએ હાથમાં રણશિંગાં પકડી પોકાર કર્યો. “પ્રભુનો જય! ગિદિયોનનો જય! પેલા ત્રણસો માણસો રણશિંગાં ફૂંકતા હતા એ વખતે પ્રભુએ છાવણીમાં માણસોને માંહોમાંહે લડાવી માર્યા. લશ્કર સરેરાની દિશામાં બેથશિટા સુધી અને ટબાથ નજીક આવેલા આબેલા-મહોલા સુધી ભાગી ગયું.”

ગિદિયોન અને તેમની સાથેના માણસોએ ભાગી ગયેલા મિધ્યાનીઓનો પીછો કર્યો. રસ્તામાં એફ્રાઈમના વંશના લોકોએ ગિદિયોનને ફરિયાદ કરતાં કહ્યું, “તમે મિધ્યાનીઓ સામે લડવા ગયા ત્યારે અમને કેમ બોલાવ્યા નહિ ?” પણ ગિદિયોને એફ્રાઈમના લોકોના કાર્યની પ્રશંસા કરીને એમને ઠંડા પાડયા. “તમારી સરખામણીમાં મેં જે કંઈ કર્યું છે એ કંઈ વિસાતમાં નથી.” આ સાંભળીને તેમનો રોષ ઊતરી ગયો.

દુશ્મનોનો પીછો પકડતાં રસ્તામાં ગિદિયોને સુક્કોથના અને પનુએલના વતનીઓને પોતાની સાથેના માણસોને થોડા રોટલા ખાવા આપવાની વિનંતી કરી.  પરંતુ બંને જગાના લોકોએ ગિદિયોન સાથેના લોકોને રોટલા આપવા ના પાડી. એટલે રોષે ભરાઈને ગિદિયોને કહ્યું કે તઓ સહીસલામત પાછા આવાશે ત્યારે તેઓ બદલો વાળશે.

પછી ગિદિયોન અને તેના માણસો તોબા અને ગોગબહાને પુર્વે આવેલા ભટકતી ટોળીઓના માર્ગે આગળ વધીને ઝેબાહ અને સલ્મુના કરકોરમાં પડી રહેલા પંદર હજારના લશ્કર ઉપર ઓચિંતો હુમલો કર્યો. ઝેબાહ અને સલ્મુના ભાગી ગયા. પણ ગિદિયોને તેમનો પીછો કરી તેમને જીવતા કેદ પકડ્યા અને તેમના આખા લશ્કરને ખાખાવીખી કરી નાખ્યું.

ગિદિયોન યુદ્ધમાંથી પાછો આવતો હતો ત્યારે તેણે સુક્કોથના એક યુવાન પાસેથી ત્યાંના સરદારો અને અગેવાનોનાં સિત્તોતેર નામો જાણી લીધાં અને સુક્કોથના લોકોને ભેગા કરીને કહ્યું, “આ રહ્યાં ઝેબાહ અને સલ્મુના, જેમને વિશે તમે મને ટોણો માર્યો હતો અને મારા માણસોને રોટલો આપવા ના પાડી હતી.” પછી તેણે સુક્કોથના આગેવાનોને પકડીને વગડાનાં કાંટ અને ઝાંખરા વડે તેમને સીધા કર્યા. ત્યારબાદ તેણે પનુએલના લોકોને અગાઉ કહ્યું હતું તેમ તેણે પનુએલનો કિલ્લો તોડી પાડયો.

પછી ઝેબાહ અને સલ્મુનાને પૂછપરછ કરતાં જાણ્યું કે તેઓએ ગિદિયોનના સગા ભાઈને તાબોરમાં મારી નાખ્યા છે. એટલે ગિદિયોને તે બંન્ને પૂર કર્યા અને તેમના ઊંટ ગળામાંથી ચંદ્રકો ઉતારી લીધા.

એ પછી ઈસાયલીઓએ ગિદિયોનને કહ્યું, “તમે અમને મિધ્યાનીઓથી બચ્ચા છે. હવે તમે અમારા ઉપર રાજ્ય કરો. તમે, તમારો પુત્ર અને તેનો પુત્ર.” ગિદિયોને કહ્યું, “હું તમારા ઉપર રાજ્ય નહિ કરું, તેમ મારો પુત્ર પણ નહિ કરેઃ પણ પ્રભુ તમારા ઉપર રાજ્ય કરશે.”

પછી ગિદિયોને ઈસાયલીઓના એક માણસ પાસેથી લૂંટમાંથી સોનાની છેલકડી આપવાનું કહ્યું, લોકોએ રાજીખુશીથી ગિદિયોનને સોનાની છેલકડી આપી. ગિદિયોને એમાંથી એક મૂર્તિ બનાવરાવી. મિધ્યાનીઓ સામેના વિજ્યના સ્મારક તરીકે પોતાના  નગર આફ્રોમાં એ મૂર્તિની સ્થાપના કરી  અને ગિદિયોન જીવ્યો ત્યાં સુધી ચાલીસ વરસ દેશે શાંતિ અનુભવી.

ગિદિયોન પાકી ઉંમરે મરણ પામ્યો અને તેને અબિયેઝરની માલિકીના ઓફ્રા ગામમાં તેના બાપ યોઆશની કબરમાં દફનાવવામાં આવ્યો.

ગિદિયોનની કથા દર્શાવે છે કે ઈસાયલી લોકો ખેડૂતો તરીકે કનાન ભૂમિમાં ઠરીઠામ થયા હતા, છતાં તેઓ મિધ્યાનીઓ જેવા રખડુ જાતિઓનો સામનો કરવા જેટલો બળવાન નહોતો. મિધ્યાનીઓ લોકો પાસે પાળેલા ઊંટની વાત બાઈબલ જૂથના કરારમાં સૌ પ્રથમવાર આવે છે. રેતાળ રણપ્રદેશોમાં લાંબી મુસાફકી કરવાની શક્તિ આ ઊંટ પાસે છે. એટલે મિધ્યાનીઓના ઊંટ સાથેના આક્રમણમાં ઈસાયલી ખેડૂતો પોતાનો બચાવ કરી શકતા નહોતાં. પણ મિધ્યાનીઓ ઉપરના ગિદિયોનના વિજયથી ઈસાયલીઓ સૌ પ્રથમ લાંબા ગાળાની શાંતિ અને સમૃદ્ધિ અનુભવી શક્યા.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-09-2006)

(ફરી બદલવાની તારીખઃ 01-10-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006